| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તા. ૦૨/૦૧/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | તા. ૦૨/૦૧/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | તા. ૧૬/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ ૦૧ | માસ ૦૨ | દિવસ ૧૪ |

सत्यमेव जयते

==========================================

## દહેગામના મહે. એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ

==========================================

**ફોજદારી કેસ નં. ૨૩/૨૦૨૫**

**આંકઃ-**

**ફરિયાદીઃ-** **શ્રીસરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઃ-**
**૧. પંકજ ઉર્ફે પકો ઉર્ફે દલી સ/ઓ ભલાજી રાણાજી ઠાકોર, ઉ.વ. ૨૭**
**૨. માધાજી સ/ઓ રાણાજી ગગાજી ઠાકોર, ઉ.વ. ૫૫**
બંને રહેઃ- બિલેશ્વરપુરા મહાદેવ પાસે, રામપુરા, તા. દહેગામ, જી. ગાંધીનગર
**૩. નરેશકુમાર ઉર્ફે ટીનાજી સ/ઓ સરદારજી ઉદાજી ઠાકોર, ઉ.વ. ૩૬**
રહેઃ- નિલકંઠ મહાદેવના છાપરા, નાંદોલ ગામ, તા. દહેગામ, જી. ગાંધીનગર

**ગુન્હોઃ- ધી ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ - ૬૫(એએ), ૮૧ મુજબ**

------------------------------------------

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી. રાવલ

આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.આર.પંચાલ

------------------------------------------

## -:જજમેન્ટ:-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૩/૩૦ વાગે મોજે રામપુરા તાબે સાંપા ગામની સીમ, રામપુરા-સાંપા રોડ ઉપર આવેલ પોતાના કબજા ભોગવટાવાળા અલખધણી નામના ગલ્લા પાસે સફેદ કલરના હોન્ડા એકટીવા નંબર જીજે-૧૮-ડીક્યુ-૬૭૭૭ ના આગળના કુટરેસ તેમજ ડેકીમાં સંતાડેલ ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૩૧(૭ લીટર ૧૪૦ મિ.લી.) કિ.રુ. ૫૩૦૫/- નો તથા મોબાઇલ ફોન નંગ-૧ કિ.રુ.૫,૦૦૦/- તથા હોન્ડા એક્ટીવા કિ.રુ. ૨૫,૦૦૦/- નું મળી કુલ રુ. ૩૫,૩૦૫/-નો મુદ્દામાલ સાથે પકડાઇ જઇ તેમજ આરોપી નં. ૩નાઓ પાછળથી પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય, આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ અધિકારીએ આ કામના આરોપી સામે ગુનો નોંધી ત્યારબાદ આ કામના ત.ક.અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

આ કામે ફરિયાદપક્ષના કેસ સંબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરુરી છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા તાજેતરમાં પ્રોહીબિશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબિશન એકટની જોગવાઇઓ તેમજ સજા સંબંધી જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ હતો.

જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં. ૮૮૯૨/૨૦૧૮, તા. ૦૫/૦૫/૨૦૧૮ દ્વારા આપવામાં આવેલ ચુકાદા મુજબ હાલના કાયદાના અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું

ઠરાવેલ છે. જેથી પ્રોહીબિશન એક્ટ સુધારા બાદના કેસો ચલાવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક – ૯ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી આંક – ૧૦ થી ૧૨ પ્લી નોંધી સમજાવતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છેં.

**–:મૌખિક પુરાવોઃ–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૧૩ | મહેન્દ્ર મંગાજી ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ૨ | ૧૫ | રણજીતસિંહ સરદારસિંહ જુબાની | ફરિયાદી |
| ૩ | ૧૭ | રમેશજી દોલાજી ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ૪ | ૧૯ | હરીશચંદ્ર પ્રભાતસિંહ સોલંકીની જુબાની | ત.ક.અમલદાર |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| **અનુ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૪ | પંચનામુ |
| ૨ | ૧૬ | ફરિયાદ |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ પોતાની સામેના પુરાવાઓનો

ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનું અને તેમની સામે ખોટી રીતે કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પક્ષકારોનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં રેકર્ડ મુજબની રજુઆત હોવાનું જણાવે છેં.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:મુદ્દાઓ:–

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદી નિઃશંકપણે સાબિત કરે છે કે, તા. ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૩/૩૦ વાગે મોજે રામપુરા તાબે સાંપા ગામની સીમ, રામપુરા–સાંપા રોડ ઉપર આવેલ પોતાના કબજા ભોગવટાવાળા અલખધણી નામના ગલ્લા પાસે સફેદ કલરના હોન્ડા એકટીવા નંબર જીજે–૧૮–ડીક્યુ–૬૭૭૭ ના આગળના કુટરેસ તેમજ ડેકીમાં સંતાડેલ ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ–૩૧(૭ લીટર ૧૪૦ મિ.લી.) કિ.રુ. ૫૩૦૫/– નો તથા મોબાઇલ ફોન નંગ–૧ કિ.રુ.૫,૦૦૦/– તથા હોન્ડા એક્ટીવા કિ.રુ. ૨૫,૦૦૦/– નું મળી કુલ રુ. ૩૫,૩૦૫/–નો મુદ્દામાલ સાથે પકડાઇ જઇ તેમજ આરોપી નં. ૩નાઓ પાછળથી પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે મુજબની ફરિયાદીની ફરિયાદને આધારે પોલીસે પ્રોહીની કલમ–૬૫(એએ), ૮૧ મુજબનો ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

# -:કારણો:-

**મુદ્દા નં.(૧):-**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષ માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં પંચ સાહેદ મહેન્દ્ર મંગાજી ઠાકોરને આંક - ૧૩ તથા પંચ સાહેદ રમેશજી દોલાજી ઠાકોરને આંક - ૧૭ થી તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, પોલીસે છએક માસ અગાઉ તેઓની એક પંચનામામાં સહી કરાવેલ તે પંચનામુ કઇ બાબતનું હતુ તેની તેઓને ખબર નથી. તેઓને પંચનામુ બતાવતા તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક - ૧૪ આપવામાં આવે છે.

મજકુર પંચ સાહેદની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટ તપાસ કરેલ છે. તેમ છતાં તેવી ઉલટ તપાસમાંથી પણ ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત બહાર આવતી નથી. બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી લીધેલ તથા પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કાંઇ જાણતા નથી.

(૯) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં ફરિયાદી રણજીતસિંહ સરદારસિંહને આંક – ૧૫ થી તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, ગઇ તા. ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ તથા એલ.સી.બી. પો.સ્ટાફના માણસો સાથે રખિયાલ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રામપુરા સાંપા રોડ ઉપર આવતા તેઓને ખાનગી રાહે હકીકત મળેલ કે રામપુરા સાંપા રોડ ઉપર આવેલ અલખધણી કેબીન નજીક પંકજ ઉર્ફે પકો દલી ભલાજી ઠાકોર તથા માધાજી ઠાકોરનાઓ વિદેશી દારુનું વેચાણ કરે છે જે હકીકત આધારે પી.એસ.આઇ. એચ.પી. સોલંકીનાઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકત વાળી જગ્યાએ કેબીન નજીક જતા સદરી જગ્યાએ બે ઇસમ હાજર હોઇ જેને કોર્ડન કરી પકડેલ અને તેઓની પાસેથી સફેદ કલરના એક્ટીવામાંથી વિદેશી દારુનો મુદ્દામાલ વિદેશી દારુનો બોટી નંગ ૩૧ કિ.રુ. ૫,૦૦૦/– તેમજ તથા એક મોબાઇલ વીવો કંપનીનો તથા એક્ટીવા કબજે કરેલ જે કુલ મુદ્દામાલ રુ. ૩૫,૩૦૫/ નો ગણી કબજે કરેલ જે અંગેનું પી.એસ.આઇ. એચ.પી.સોલંકીનાઓએ વિગતવારનું પંચનામુ કલાક ૧૧/૩૦ થી ૧૩/૩૦ સુધીનું સાથેના એએસઆઇનાઓએ કરી લીધેલ. આરોપી વિરુધ્ધ કાયદેસર થવા તેઓએ ફરિયાદ આપેલ જે ફરિયાદ રજુ દાખલ આંક – ૧૬ આપવામાં આવે છે. આરોપીને તેઓ જોયે ઓળખી શકુ.

આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્રારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા તથા કયા વાહનમાં નિકળેલા અને વાહનના ચાલકનું નામ ફરિયાદમાં જણાવેલ નથી. રામપુરા સાંપા રોડ ઉપર ઘણા બધા વાહનોની અવર જવર રહેતી હોય છે. અલખધણી કેબીનના માલિકનું નામ ફરિયાદમાં જણાવેલ નથી. પાનનો ગલ્લો હોય તો ઘણા બધા માણસો ત્યાં આવતા હોય. એક્ટીવાના માલિકનું નામ ફરિયાદમાં જણાવેલ નથી. મુદ્દામાલનો મેન્યુફેક્ચરીંગ ડેટ કે બેચ નંબર ફરિયાદમાં જણાવેલ નથી. દારુના કેસો કરવા અવાર નવાર સુચના મળતી રહેતી હોય છે.

(૧૦) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં ત.ક.અમલદાર હરીશચંદ્રસિંહ પ્રભાતસિંહ સોલંકીને આંક – ૧૯ થી તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, ગઇ તા. ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ તથા એલ.સી.બી. પો.સ્ટાફના માણસો સાથે રખિયાલ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રામપુરા સાંપા રોડ ઉપર આવતા તેઓને ખાનગી રાહે હકીકત મળેલ કે રામપુરા સાંપા રોડ ઉપર આવેલ અલખધણી કેબીન નજીક પંકજ ઉર્ફે પકો દલી ભલાજી ઠાકોર તથા માધાજી ઠાકોરનાઓ વિદેશી દારુનું વેચાણ કરે છે જે હકીકત આધારે તેઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકત વાળી જગ્યાએ કેબીન નજીક જતા સદરી જગ્યાએ બે ઇસમ હાજર હોઇ જેને કોર્ડન કરી પકડેલ અને તેઓની પાસેથી સફેદ કલરના એક્ટીવામાંથી વિદેશી દારુનો મુદ્દામાલ વિદેશી દારુનો બોટી નંગ ૩૧ કિ.રુ. ૫,૦૦૦/– તેમજ તથા એક મોબાઇલ વીવો કંપનીનો તથા એક્ટીવા કબજે કરેલ જે કુલ મુદ્દામાલ રુ. ૩૫,૩૦૫/ નો ગણી કબજે કરેલ જે અંગેનું તેઓએ વિગતવારનું પંચનામુ કલાક ૧૧/૩૦ થી ૧૩/૩૦ સુધીનું કરી લીધેલ. આરોપી વિરુધ્ધ કાયદેસર થવા રણજીતસિંહનાઓએ ફરિયાદ આપેલ. ત્યારબાદ વધુ તપાસ તેઓને મળતા

તેઓએ સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તથા આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઇ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ. આરોપીને તેઓ જોયે ઓળખી શકુ.

આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, સદર કામે ફરિયાદીએ તેઓની ફરિયાદમાં કે તેઓની પતાસમાં સદર ગલ્લા કે આજુબાજુના ખેતરોના સર્વે નંબરો કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. પકડાયેલ મુદ્દામાલનો મેન્યુફેક્ચરીંગ ડેટ કે બેચ નંબર ફરિયાદમાં જણાવેલ નથી. મુદ્દામાલ એક્ટીવાના માલિકનું નામ ફરિયાદમાં જણાવેલ નથી. સદર કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન તેઓએ લીધેલ નથી.

(૧૧) આમ, ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવુ જણાય આવતું નથી. તેમજ મુદ્દામાલના બેચ નંબર, તારીખ તથા કંપનીના નામ જણાવેલ નથી. તેમજ જેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે તેઓ આ કામના પંચોએ આવી ફરિયાદીના જણાવ્યા મુજબની કોઇ હકીકતને સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદીના પુરાવાથી પણ હાલના આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાના કોઇ તત્વો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરિયાદીના પુરાવાથી પણ હાલના આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હાના કોઇ તત્વો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૨) આમ, ઉપરોક્ત હકીકતે ફરિયાદપક્ષને પ્રથમથી જ બાતમી હકીકત હોવા છતાં કોઇ પ્રાથમિક પંચનામુ કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. તેમજ કઇ કંપની દ્વારા બનાવવામાં આવેલ છે તે તથા બેચ નંબર તથા પેકીંગ તારીખ જણાવેલ નથી. તેમજ મહત્વની હકીકત બાબતે જોવામાં આવે તો, જે જગ્યાએ રેડ કરી તે જગ્યાએ જે મુદ્દામાલ મળી

આવેલ બાબતે પણ કોઈ આધાર પુરાવો મેળવેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. જેથી સદરહું મુદ્દામાલનો કબજો આરોપીઓનો હતો તેવુ માની શકાય નહી. તેમજ સદરહું મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. તેમજ જે પંચસાહેદને તપાસવામાં આવેલ છે તેઓએ તેમના પુરાવામાં તેમની રુબરુમાં પોલીસે કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, જેમની હાજરીમાં કાર્યવાહી કરેલ હોવાની જે હકીકત છે તે હકીકતને પંચસાહેદે લેશમાત્ર સમર્થન કરેલ નથી.

(૧૩) કાયદાની જોગવાઈનાં સંદર્ભે તપાસવામાં આવેલ પોલીસ સાહેદની આરોપી તરફે કરાયેલી ઉલટ તપાસ ધ્યાને લઈએ તો બનાવ સમયે પોલીસ કર્મચારીઓ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતું નથી. તપાસેલ પોલીસ સાહેદ છે અને રેઈડ દરમ્યાન ફરજ બજાવનાર પોલીસ કર્મચારી છે. તેમજ જે વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનનો નંબર પણ જણાવેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. તેથી ફરિયાદ સંદર્ભમાં પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપીઓ પોતાના કબજામાં રહેલ મુદ્દામાલ ઈગ્લીશ દારુ પંચનામાં જણાવેલ હકીકતે મળી આવેલ હોય તેવી કોઈ હકીકત સાબિત થતી નથી. આમ, ફરિયાદપક્ષ હાલના આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હા અન્વયે કોઈ હકીકત શંકાથી પર કડીબધ્ધ રીતે પુરવાર કરી શકેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આમ, આ કામે સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા મુદ્દામાલ ઈંગ્લીશ દારુનો બોટલનો બેચ નંબર, પેકીગ તારીખ વિગેરે બાબતે જે પુરાવો આપેલ છે તેને પંચ સાહેદ લેશમાત્ર સમર્થન કરેલ નથી. આરોપી વિરુધ્ધનો કેસ સાબિત માનવા માટે પુરતો અને સ્પષ્ટ જણાતો નથી અને માત્ર આ પોલીસ સાહેદના પુરાવાના આધારે તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવમાં આરોપીને આક્ષેપિત ગુનામાં

શંકાથી પર રીતે સાંકળી શકાય નહી. જેથી આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળી શકાય તેવો સ્પષ્ટ પુરતો અને ભરોસાપાત્ર માનવા લાયક, શંક રહિત પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

૧ આ કામના આરોપી નં. **૧. પંકજ ઉર્ફે પકો ઉર્ફે દલી સ/ઓ ભલાજી રાણાજી ઠાકોર, નં. ૨. માધાજી સ/ઓ રાણાજી ગગાજી ઠાકોર** બંને રહેઃ– બિલેશ્વરપુરા મહાદેવ પાસે, રામપુરા, તા. દહેગામ, જી. ગાંધીનગર અને નં. **૩. નરેશકુમાર ઉર્ફે ટીનાજી સ/ઓ સરદારજી ઉદાજી ઠાકોર** રહેઃ– નિલકંઠ મહાદેવના છાપરા, નાંદોલ ગામ, તા. દહેગામ, જી. ગાંધીનગર નાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે બોમ્બ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એએ), ૮૧ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨ આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

3 આ કામે કબજે કરેલ મુદ્દામાલ ઇંગ્લીશ દારુ જે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ છે તેનો અપીલ સમય વિત્યા બાદ યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખઃ– ૧૬/૦૩/૨૦૨૬
સ્થળઃ–દહેગામ

**( હર્મ્યા એમ દોશી )**
એડી. જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ
દહેગામ
(જજ કોડ નં. જીજે.૦૧૬૬૧)